## હરિ નજર - ખરી નજર




કંસનાં ફતવા જેવું થયું છે... વર્ષનાં છ બાટલા પછી "સાતમો" બાટલો ન થવો જોઇએ, જો થયો તો પ્રાણઘાતક નીવડશે...!!

## મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં હિન્દી દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૫

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં વકૃતત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન હિન્દીમાં જ કરવામાં આવ્યું હતું. વકૃતત્વ સ્પર્ધામાં રાજન પટેલ, વૈદિક પટેલ, રાજેશ્વરી ડુંગર પસંદ પામેલ હતા.

## વિશ્વ ઓઝોન ડે વિશે સંસ્કાર ગૃપ દ્વારા વાર્તાલાપ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

સંસ્કાર ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિશ્વ ઓઝોન ડે નિમિતે વાર્તાલાપ યોજવામાં આવેલ છે. ગૃપ દ્વારા ગણપતિ દાદાનો મહિમાની વાતો ચર્ચાશે. તા. ૧૬મી સપ્ટેમ્બરે સાંજે ૫.૩૦ કલાકે સેકટર-૭ સુવિધા કેન્દ્ર સામે બગીચામાં યોજાશે. તુષાર દવે પ્રમુખ સંસ્કાર ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટે અખબારી યાદીમાં જણાવેલ છે.

## જિલ્લા કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં જે.બી. પ્રાથમિક શાળાની કૃતિઓની પસંદગી

ગાંધીનગર, તા. ૧૫

જિલ્લાકક્ષાના ગણિત વિજ્ઞાનનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં જે.બી. પ્રાથમિકશાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલી ૬ કૃતિઓ રજૂ કરવામાં આવેલ હતી. જેમાંથી જિલ્લા કક્ષાના પ્રદર્શનમાં ત્રણ કૃતિઓ પસંદ પામી હતી. વિભાગ-૨માં દરિયાના પાણીમાંથી મીઠું ઉર્જા અને શુદ્ધ પાણી, વિભાગ-૩માં અકસ્માત નિવારણ અને સઘન તાત્કાલિક સારવાર, વિભાગ-૪માં ભૂકંપની ચેતવણી કૃતિઓ જિલ્લાકક્ષાએ પસંદ પામી છે. કૃતિઓ તૈયાર કરનાર વિદ્યાર્થીઓ વાઘેલા હિરેન, શાહ નિકુંજ, ભાટી આકાશ, પટેલ આયુષ, સાંગાણી રાહુલ, પટેલ પાર્શ્વની હતી. આચાર્યા નીલાબેન પટેલે અભિનંદન આપેલ હતા.

## કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા લૉન ટેનિસ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૫

અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજના યજમાનપદે કડી સર્વ વિશ્વવિદ્યાલયની ટેનિસની સ્પર્ધા સરકારી જીમખાનામાં યોજાઈ હતી. સ્પર્ધાનું આયોજન અને સંચાલન પ્રા. રણછોડ રથવીએ કર્યું હતું. ગર્લ્સ સીંગ્નલસ ચેમ્પિયન હુડા મુનશી, બીબીએ કોલેજના રનર્સઅપ હેતલ રાજપુત, અશ્વીનભાઈ પટેલ કોલેજ ગર્લ્સ ડબ્બલ ચેમ્પિયન હંસાવાલા જાનકી, પંચાલ ગાયત્રી, અશ્વીનભાઈ પટેલ કોમર્સ કોલેજ રનર્સઅપ હુન્ડા મુન્શી, હિના મુન્શી બીબીએ કોલેજ.

બોયઝ સીંગ્લસ ચેમ્પિયન રાહુલ બોહરા અશ્વીનભાઈ કોમર્સ કોલેજ, ચૌધરી જેમિન બીબીએ કોલેજ, બોયસ ડબલ્સ પટેલ વિરૂ ચાવડા, વિપુલ કોમર્સ કોલેજ રનર્સઅપ આચાર્ય સૌમિલ, કોલેજના આચાર્ય તથા પ્રા. રણછોડભાઈ રથવીએ અભિનંદન પાઠવ્યા હતા.

## આજે ઓઝોન દિન નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર, પ્રાદેશિક કચેરી, ગુજરાત પ્રદૂષણ, નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આજે ૧૬મી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, બ્લોક નં. ૬૧/૧, સેક્ટર-૨૩ શોપીંગ સેન્ટર પાછળ, ગાંધીનગર ખાતે સ્થાનિક શાળાઓના વિદ્યાર્થીઓ માટેનો વકતૃત્વ સ્પર્ધાનો કાર્યક્રમ યોજાશે.

આંતરરાષ્ટ્રીય ઓઝોનવાયુ પડ જાળવણી દિન નિમિત્તે આજે 'આપણી પૃથ્વીના વાતાવરણને ભાવી પેઢી માટે સુરક્ષિત રાખીએ...' અંતર્ગત કાર્યક્રમ યોજાશે. જેમાં સ્થાનિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા યોજાશે. જી.પી.સી.બી. ગાંધીનગરના પ્રતિનિધિઓ આ પ્રસંગે પ્રાસંગિક વકતવ્ય આપશે. નિસર્ગ સાયન્સ સેન્ટરના અનિલભાઈ પટેલ અને પૂર્વ જનસંપર્ક અધિકારી નરેશ ઠાકર પૃથ્વીની માવજત અને ઓઝોન વાયુ કવચની જાળવણી અંતર્ગત વકતવ્ય આપશે. કાર્યક્રમના અંતે વિજેતા સ્પર્ધકોને ઈનામ વિતરણ કરવામાં આવશે.

## રવિવારની રમૂજ

'મળી ગયા, સિંહના પંજાના નિશાન મળી ગયા, હવે એક કામ કર, સિંહના પંજાના નિશાન જે દિશામાં જાય છે એ બાજુ તું જા. અને જે બાજુથી આવ્યા છે એ બાજુ હું જાઉં છું.'

★ ★ ★ ★ ★

નગરપાલિકાએ શહેરના મુખ્ય રસ્તાઓની વચ્ચે વિવિધ ફૂલોનાં રોપા ઉછેરવાનું નક્કી કર્યું. અને તે કામ મનિયાને સોંપ્યું. મનિયાએ અગત્યની નોંધ લખી સ્ટીકરો તૈયાર કર્યાં અને દરેક રોપા પર એક એક સ્ટીકર બાંધી દીધું. વિવિધ ફૂલોનાં રોપા લઇ સ્ટીકર પરની નોંધ વાંચી મનિયાએ બપોર સુધીમાં મોટા ભાગના રોપા વાવી દીધાં. સાંજના સુપરવાઇઝર રાઉન્ડરમાં નીકળ્યા. મનિયાનું ચોકસાઇપૂર્વકનું કાર્ય જોઇ તેઓ ખૂબ પ્રભાવિત થઇ ગયા. અને મનિયાએ સ્ટીકર પર શી નોંધ કરી છે તે જોયું. મનિયાએ દરેક સ્ટીકર પર લખ્યું હતું.
"લીલો ભાગ ઉપર."

★ ★ ★ ★ ★

દર્દી : ડૉકટર સાહેબ, જયારે હું મારા બંને હાથ ઢીંચણ સુધી લઇ જાઉં છું અને પછી કમર સુધી લાઉં છું તો પીઠમાં ખૂબ દુઃખાવો થાય છે.
ડૉકટર : તો પછી આવી ચક્રમ જેવી કસરત ન કરતાં હોય તો.
દર્દી : કસરત શાની ? આમ ન કરૂં તો હું પેન્ટ કેવી રીતે પહેરૂં.

★ ★ ★ ★ ★

ખૂબ દારૂ પીધેલા દારૂડીયાએ વિચાર્યું, આજ તો ઘરે જઇને એકાદ પુસ્તક વાંચવા બેસી જાઉં. જેથી મારી પત્નીને મારી પર કોઇ શંકા ન જાય.
ઘરે આવેલાં પતિને જોઇ એની પત્ની બોલી, આ શું કરો છો ? કબાટનાં બંને દરવાજા ખોલીને કેમ ઊભાં છો ?

★ ★ ★ ★ ★

ડિટેકટીવની ભરતી થઇ રહી હતી ઇન્ટરવ્યુ લેનાર અધિકારીએ સન્તાને પ્રશ્ન પૂછ્યો, ગાંધીજીની હત્યા કોણે કહી હતી ?
સન્તાએ જવાબ માટે બે દિવસનો સમય માંગ્યો. અધિકારીએ કહ્યું, 'સારું જાવ તમને બે દિવસનો સમય આપવામાં આવે છે.'
સન્તા ઘરે જવા નીકળ્યો ત્યાં રસ્તામાં બન્તા મળી ગયો.
બન્તાએ પૂછ્યું, 'નોકરી મળી ગઇ ?'
સન્તાએ કહ્યું, 'નોકરીની કયાં વાત કરે છે? મને તો એક ખૂન કેસનાં આરોપીને શોધવાનું કામ પણ મળી ગયું છે.'

★ ★ ★ ★ ★

મનિયો : 'મારી સ્કૂલમાં તો કોઇ કરતાં કોઇને વાંચતાય નથી આવડતું અને લખતાંય નથી આવડતું. નથી કોઇને ગણિતના દાખલા ગણતા આવડતું, કે નથી કોઇને ઇતિહાસ ભૂગોળનું જ્ઞાન. અને વિજ્ઞાનની તો તું વાત જ ન કરતો.'
ટીનીયો : 'નક્કી તારી સ્કૂલમાં બધાં વિદ્યાર્થીઓ ભોપા જેવા જ ભર્યાં હશે.'
મનિયો : 'અરે પણ, હું તો મારા શિક્ષકોની વાત કરૂં છું.'

★ ★ ★ ★ ★

'આ શું ? આટલું બધું કોણે માર્યું ?'
'પેલા કાલુ પહેલવાને.'
'પણ કેમ ?'
'એણે મને છાપામાં જાહેરાત છાપવા આપી હતી.'
'પહેલવાન છાપ અગરબત્તી.' પણ મેં ભૂલથી છાપી નાખ્યું 'અગરબત્તી છાપ પહેલવાન.'

★ ★ ★ ★ ★

જનરલ પરવેઝ મુશર્રફ પાકિસ્તાનના વડા હતા ત્યારે ઇસ્લામાબાદથી નજીકના એક ગામની મુલાકાતે તેઓ નીકળ્યા. રસ્તામાં તેમની કારની અડફેટે એક કૂતરૂં આવ્યું અને મૃત્યુ પામ્યું. મુશર્રફને કૂતરાં પર દયા આવી, તેમણે પોતાના ડ્રાઇવરને ગામમાંથી થોડું મીઠું લાવી અને કૂતરાંને દફનાવી દેવાનો હુકમ કર્યો.
અર્ધા કલાકમાં ડ્રાઇવર ગાંડુ ભરીને મીઠું લેતો આવ્યો. મુશર્રફ દંગ રહી ગયા. તેમણે ડ્રાઇવરને પૂછ્યું, આટલું બધું મીઠું કોણે આપ્યું. ડ્રાઇવર કહ્યું, ગામના લોકોએ.
મુશર્રફે કહ્યું, તેં ગામના લોકોને શું કહ્યું હતું.
ડ્રાઇવરે કહ્યું : મેં કહ્યું કે, 'મૈં જનરલ મુશર્રફ કા ડ્રાઇવર હું ઔર મૈંને કુત્તે કો માર દીયા હૈ.'

★ ★ ★ ★ ★

અમદાવાદથી ન્યૂયોર્કની ફલાઇટમાં સન્તા-બન્તા મુસાફરી કરી રહ્યા હતા. વિમાન રન-વે પર હતું ત્યારે જ એક લાલ રંગનું ટેન્કર આવીને વિમાનમાં બળતણ ભરીને રવાના થઇ ગયું. વિમાન મુંબઇ ઍરપૉર્ટ પર ઉતર્યું કે તરત જ લાલ રંગનું ટેન્કર આવ્યું અને બળતણ ભરીને પાછું જતું રહ્યું. મુંબઇથી વિમાન બે કલાક દુબઇ પહોંચ્યું. ત્યાં પણ લાલ રંગનું ટેન્કર આવીને પોતાનું કામ આટોપી રવાના થઇ ગયું. લંડનના હિથ્રો ઍરપૉર્ટ પર પણ એ જ ઘટનાનું પુનરાવર્તન. ન્યૂયોર્કના ઍરપોર્ટ પર ઉતરતા સન્તાએ બન્તાને કહ્યું, 'બહુ ઝડપથી આપણે ન્યૂયોર્ક આવી ગયા.'
બન્તા બોલ્યો, 'વિમાનની ઝડપ તો ઠીક, પણ પેલા લાલ રંગના ટેન્કરના ડ્રાઇવરે કેટલી ઝડપ રાખી હશે, એ તો વિચાર કર.'

- સંકલન : એસ. કે. પરમાર

## કલા ગુર્જરી દ્વારા ૧૮મીએ નવરંગી જોડીયા પતંગિયા

ગાંધીનગર, તા. ૧૫

ચીલો ચાતરીને અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો પાટનગરની કલાપ્રમી જનતા સમક્ષ રજુ કરીને અને ગાંધીનગરની સાંસ્કૃતિક પરંપરા યોગ્ય સ્વરૂપે સ્થપાય અને જળવાઈ રહે એ માટે હંમેશા પ્રયત્નશીલ ગાંધીનગરની પોતાની જ સંસ્થા 'કલા ગુર્જરી'એ તેના ૬ઠ્ઠા વર્ષના તૃતીય કાર્યક્રમ તરીકે તા. ૧૮-૯-૨૦૧૨ને મંગળવારના રોજ ટાઉનહોલ, ગાંધીનગર ખાતે રાત્રે૯.૩૧ વાગે ગુજરાતના જાણીતા ઓરકેસ્ટ્રા 'ગોલ્ડન ચીઅર્સ'ના સંચાલક શ્રી જગદીશ મહેતાની પરિકલ્પના અને જોડીયા બહેનો મૌસમ-મલકા મહેતાના ગીત-સંગીત-નૃત્યના એક અનોખા અને અદ્‌ભુત કાર્યક્રમ 'નવરંગી જોડીયા પતંગીયા'નું આયોજન કર્યું છે. આ કાર્યક્રમમાં અને કલાગુર્જરીના ભવિષ્યના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અને કલા ગુર્જરીનું સભ્યપદ મેળવવા માટે જયરાજસિંહ સરવૈયા (૯૮૨૫૨ ૫૩૯૩૩), સરદ વ્યાસ (૯૮૨૫૩ ૩૨૯૨૩) અથવા ભાવિન પટેલ (૯૮૭૯૦ ૫૭૫૫૬) નો સંપર્ક કરવા કલા ગુર્જરીનાં પ્રમુખ શ્રી એન.પી. પટેલે અનુરોધ કરેલ છે.

## સાદરા કોલેજ ખાતે સ્વયંસેવકોને કમ્પોસ્ટ બેડ બનાવવાની તાલીમ અપાઈ



ગાંધીનગર, તા.૧૫

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસવકોને કમ્પોસ્ટ બેડ બનાવવાની તાલીમ આપતો કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકોને ગૌ-સંવર્ધન કેન્દ્રના પ્રા.રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પરિસરની સફાઈ દ્વારા પ્રાપ્ત થયેલી વનસ્પતિ ડાળીઓ, પાંદડાઓ અને અન્ય નિંદામણના છોડવાઓમાંથી કમ્પોસ્ટ ખાતર બનાવવા માટેની તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન કુલ ૬ કમ્પોસ્ટ બેડ બનાવવામાં આવ્યા હતા. સમગ્ર તાલીમ દરમિયાન રાષ્ટ્રીય સેવા યોજના એકમના કાર્યકારી અધિકારી પ્રા. નિરજભાઈ સિવાલટ, ડૉ.ઉદાજી પરમાર અને ડૉ. અરવિંદભાઈ રામી ખાસ હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળતા બક્ષી હતી.

## રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા પ્રતાપસિંહ હિન્દી વિદ્યાલયમાં હિન્દી દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૪

રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ ગાંધીનગર જિલ્લા દ્વારા ૧૪મી સપ્ટેમ્બરે ગાંધીનગરના સેક્ટર-૩૦માં આવેલી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે હિન્દી દિન ઉજવાયો હતો. હિન્દી દિન નિમિત્તે પ્રતાપસિંહ હિન્દી વિદ્યાલયમાં નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, ચર્ચા સભા અને જ્ઞાન કસોટી યોજાઈ હતી. આજના દિને એક રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રેલીને રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ ગુજરાત પ્રાંતના પૂર્વ અધ્યક્ષ સત્યેન્દ્ર દેવરાજીએ તથા શોભનાબા, અર્જૂનસિંહ વાઘેલાએ પ્રસ્થાન કરાવ્યું હતું. સમિતિ દ્વારા હિન્દી પખવાડીયા નિમિત્તે વિવિધ કાર્યક્રમો સમગ્ર જિલ્લામાં યોજવામાં આવશે. આ ઉપરાંત સપ્ટેમ્બર માસની ઉજવણી રાષ્ટ્રભાષા મહોત્સવ તરીકે કરવામાં આવશે. રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ ગાંધીનગર જિલ્લાના ઉપાધ્યક્ષ નરેન્દ્રસિંહે આમંત્રિત અતિથિઓનું આ પ્રસંગે સુતરની આંટીથી તથા વાલીઓનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. ગાંધીનગર જિલ્લા સમિતિના અધ્યક્ષ યુવરાજસિંહ વાઘેલાએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ. રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ ગુજરાત પ્રાંતના મહામંત્રી અવધેશ ત્રિપાઠીએ સમિતિની વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો. રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. કૃષ્ણદેવા શાસ્ત્રીએ પત્ર દ્વારા જિલ્લા સમિતિને સમગ્ર વર્ષ દરમિયાન સમાજ સેવાના કાર્યમાં જોતરવા તથા રાષ્ટ્રભાષઆ હિન્દીનો પ્રચાર પ્રસાર કરવા બદલ શાબ્દિક અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં શાળા પરિવારના સભ્યો, શિક્ષકો પદાધિકારીઓ, ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## ૧૭મીએ ધોરણ-૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે ગણિત વિજ્ઞાનની પ્રશ્નોતરીનું જીવંત પ્રસારણ

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા ધોરણ-૯ ના પ્રકરણ -૫ , ધોરણ-૧૦પ્રકરણ-૧૨ રચના, પ્રકરણ-૧૬ સંભાવનાનું જીવંત પ્રસારણ તા. ૧૭ સપ્ટેમ્બરે બપોરે ૩.૦૦ કલાક કરવામાં આવશે. તજજ્ઞ તરીકે પ્રકાશ જી. પટેલ અને પરાગ મોદી સમજાવશે.

રાજયના તમામ શિક્ષકોને વિદ્યાર્થીઓના લાભાર્થે કાર્યક્રમ છે. ગુજ કોસ્ટ દ્વારા બેસ્ટ પ્રશ્ન માટે પુરસ્કાર આપવામાં આવશે. પુનઃ પ્રસારણ તા. ૨૩મીએ બપોરે ૧.૦૦ કલાકે કરવામાં આવશે.

# શ્રોતાઓનાં મનને મુગ્ધ કરવા એ જ સાચા કલાકારનું કર્તવ્ય

### સંગીત દર્શન

- ડો. ગૌરાંગ ભાવસાર

॥ બારમો મણકો ॥

રસ અને માધુર્યએ સંગીતનો આત્મા છે. સંગીતમાંથી જો ભાવ, ભક્તિ અને માધુર્ય હટી જાય તો કોરો બુદ્ધિવાદ જ રહી જાય અને ત્યારે કલા-કલા મટીને કસરતબાજી બની જાય છએ. સંગીત કોઈ કલાબાજી નથી કે કોરો બુદ્ધિવાદ પણ નથી. શ્રોતાઓનાં મનને મુગ્ધ કરવા એ જ સાચા કલાકારનું કર્તવ્ય ગણાય છે. એટલે જ જો કોઈ કલાકાર પોતાના એ કર્તવ્યમાં કે ઉદેશ્યમાં ઉણો ઉતરે તો એ પોતાની જાને સાચો કલાકાર કહેવડાવાને કદાપિ લાયક રહેતા નથી. જો કે આજની પરિસ્થિતિ સાવ નિરાસાજનક તો નથી આજે પણ પૂર્ણ સમર્પિત એવા ઉત્કૃષ્ઠ કલાગુરુઓ અને તેમના ધૂનિ શિષ્યો સમાજમાં હાજર છે કે જે કલાના દીપ પ્રગટાવી પોતાની એકાંત એકાગ્ર સાધનામાં મગ્ન બનીને જીવી રહ્યો છે.

યર્થાથ દ્રષ્ટિએ જો વિચાર્યે તો પુરાણી ગુરુ શિષ્ય પરંપરાનીપ્રથાને આજના યુગમાં પુનઃ સ્થાપિત કરવી અસંભવ નહિ તો અઘરી છે જ કેમ કે પહેલાના યુગમાં સંગીતકાર ગુરુના ઘરે રહીને વિદ્યાર્થઈઓ કેવળ સંગીત જ શીખતા. ભણવા ગણવા સાથે કે ઈતર શિક્ષણ સાથે એમને કોઈ સંબંધ નહોતો. જ્યારે આજનો સમય જુદો છે. આજના યુગમાં ડિગ્રીનું મહત્વ છે. પ્રત્યેક વ્યક્તિ ઈચ્છે છે કે પોતાનાં બાળકો સ્કુલ અને કોલેજમાં ભણે અને સાથે કોઈ લલિત કલાનું શિક્ષણ મેળવે. આવા સંજોગોમાં શિક્ષણ લેતાં લેતાં, કામધંધો સંભાળતા કે વ્યક્તિગત અને સાંસારિક જવાબદારીઓ નિભાવીને વળી સાથે સંગીત શીખતા આજના વિદ્યાર્થઈઓ સાચા મનથી ઈચ્છે તોય રોજનો દસ કલાકનો રીયાઝ કરી શકતા નથી. સમયની સાથે ચાલતા એમનાં જીવનમાં રોજ બે-ચાર કલાકનો સમય ફાળવવો ય અઘરો હોય છે. તે ઉપરાંત આજના વિદ્યાર્થીઓ પાસે પહેલાના વિદ્યાથીઓની જેમ કલાકો સુધીની સાધના કરવાની તાકાત પણ નથી. બલકે એની આર્થિક, શારીરિક કે માનસિક સ્થિતિ આવી સહી શકે એવી હાલતમાં જ હોતી નથી.

આમતો વર્તમાન વિદ્યાર્થી પહેલાના કરતાં વધારે બુદ્ધિશાળી, ચપળ અને વિચારશીલ બન્યો છે. એની ગ્રહણ શક્તિ વધુ પ્રબળ બની છે એટલે એ ટૂંકા સમયમાં ઘણું વધારે શીખે છે. વળી વૈજ્ઞાનિક સાધનોની સુલભતાને કારણે એનું કાર્ય ખૂબ સરળ બની ગયું છે. એટલે જ કોઈ ચતુર અને પ્રતિભા સંપન્ન વિદ્યાર્થી જો સમજી વિચારીને એકાગ્ર ચિતે અને યોગ્ય ગુરૂના માર્ગદર્શન હેઠળ પ્રતિદિન ચારેક કલાકનો નિયમિત અભ્યાસ કરે તો વર્તમાન પરિસ્થિતિ અનુસાર એક ઉચ્ચકોટિના કલાકાર બનવા માટે પર્યાપ્ત છે.

સંગીતની સાધના સાચા અર્થમાં કપરી સાધના છે. કલાકો સુધી સતત એક જ વસ્તુ રટતા રહેવાથી તન-મન થાકી જાય છે. સાચી લગન અને સંપૂર્ણ આત્મસમર્પણની ભાવના જો ન હોય તો આવો કઠોર રિયાઝ કરવો સંભવ જ નથી. વળી, આવી સાધના વિના રસાનંદની ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરવી કે કરાવવી અસંભવ છે.

વૃક્ષને ફળ આવે ત્યારે એ ઝૂકે છે એમ જ સાચી વિદ્યા મનુષ્યને શિસ્તબદ્ધ, નમ્ર અને વિવેકી બનાવે છે. ઉદ્ધત કે ગર્વિષ્ઠ નહિ. કલાકારના જીવનમાં અહંકારનો પ્રવેશ એની પ્રગતિનું પૂર્ણવિરામ બની જાય છે. સંગીતકલા મહાસાગર સમી વિરાટ અને અનંત છે કહે છે કે, સ્વયં મા સરસ્વતીને ય સંગીતનો સાગર પાર કરવા માટે તુમ્બાની જરૂર પડી હતી તો આપણા જેવી સાધરણ વ્યક્તિઓનો શો ભાર? જીવનભરની તપશ્ચર્યા પછી ય સંગીતની અનંતતા સામે વ્યક્તિની ઉપલબ્ધિનો બુંદ જેટલી જ તુચ્છ હોય છે. માટે 'હું કંઈ છું.' એવું મિથ્યાભિમાન વ્યક્તિની પોતાની મૂર્ખતા, અસંસ્કાર અને ઉચ્છુ ખલતાને જ પ્રગટ કરતાં હોય છે. નિરીક્ષણ, અનુકરણ, શ્રવણ અને મનન, સંગીત સાધના માટે અતિ મહત્વની વસ્તુઓ ગણાય છે. વિદ્વાનોને અનેકવાર કહેતાં સાંભળ્યા છે કે, 'દેખો, શીખો ઔર પરખો તબ સંગીત આયેગા.' નિરંતર જ્ઞાન પ્રાપ્તિ માટે પોતાની જાતને વિદ્યાર્થી માનીને કંઈને કંઈ શીખતા રહેવાની ધગશ અને આકાંશા રાખનાર વ્યક્તિ જ કલાક્ષેત્રે સતત ઉન્નતિ કરી શકે છે.

ઈશ્વરદત્ત પ્રતિભા અર્થાત નેચરલ ગીફટએ સંગીત સાધનાની છેલ્લી છતાં ખૂબ જ મહત્વની કડી છે. વિદ્વજનોએ કહ્યું છે કે, 'કલાકારો બનતા નથી એ તો જન્મે છે.' જીવનમાં હોય કે કલામાં, આપણે જેને કોઠાસૂઝ કહીએ છીએ એ શીખવાથી આવતી નથી. એ તો મનુષ્યને કુદરતના આર્શીવાદરૂપે જન્મજાત જ મળતી હોય છે. તે ઉપરાંત સુરીલું ગળું, મધુર હસ્તચલન, સુંદર અંગભંગી, સૂરતાલનું સહજ જ્ઞાન અને બુદ્ધિ પ્રતિભાને ઈશ્વરીય પ્રતિભામાં ગણી શકાય છે. વિદ્યાર્થીઓએ પોતાની જન્મજાત પ્રતિભાને મહેનત અને સાધનાથી વિકસાવવાની હોય છે. કેમ કે જ્યાં સુધી એને ખીલવવામાં આવતી નથી. ત્યા સુધીએ સુષુપ્ત અવસ્થામાં જ પડી રહે છે.

સાથે યોગ્ય ગુરુના માર્ગદર્શન હેઠળ પદ્ધતિસરનો અભ્યાસ કે રિયાઝ અનિવાર્ય છે. અભ્યાસથી ગાયકના ગળાના સૂરમાં, વાદકના હાથના ચલનમાં અને નર્તકના ઘૂઘરુંના પદચાપમાં ચપળતા, મધુરતા અને કોમળતા આવે છે. અને શિષ્યમાં યોગ્ય યોગ્યતાના ગુણોનું નિરૂપણ થાય છે. કયારેક એવું પણ બને છે કે ઈશ્વરીય



પ્રતિભા કલાકારમાં હોય પરંતુ, યોગ્ય માર્ગદર્શનના અભાવને કારણે પોતાની કલાપ્રતિભાને ખોઈ બેસે છે. કયારેક એવું પણ બને છે કે કલાકારમાં પ્રતિભા હોય પરંતુ એક સ્થાનેથી બીજા સ્થાને ગુરૂઓને શોધતો વ્યક્તિ પોતાની અસ્થિરતાને કારણે પણ પોતામાં રહેલી પ્રતિભાને ખોઈ બેસે છે.

એટલે જ વિદ્વાનો કહે છે કે, પ્રથમ કોઈ એક જ ગુરૂના માર્ગદર્શન હેઠળ કાર્ય કરવું જોઈએ. જેનાખી એકાગ્રતા અને ભક્તિભાવ દ્વારા સાચું માર્ગદર્શન મળે અને સમય જતા એક પ્રતિભાવાન કલાકાર બનીને દેશ સમાજની , સંસ્કૃતિની સેવા કરી શકાય. કારણ કે કલાકારનું એક વિશિષ્ટ વ્યક્તિ તરીકે સમાજમાં સ્થાન હોય છે. અને બીજા વિદ્યાર્થીઓ માટે આદર્શનું પ્રતિક પણ હોય છે. માટે એક કલાકારે પોતાની આત્મિક પ્રતિભાને ઓળખીને સંગીતરૂપી કલાની દિવ્ય આરાધના કરીને મોક્ષ માર્ગ માટે અગ્રેસર થવું જોઈએ.